ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૮.૫ ડીગ્રી
લઘુતમ : ૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૩૬ ટકા

# શહેરમાં 'નાતાલ'ની ઉલ્સાપૂર્ણ ઉજવણી કરાશે

## શહેરના ચર્ચોને રોશનીથી શણગારવામાં આવ્યા : ભગવાન ઈશુના જન્મના દશ્યો ખડા કરાયા : ઠેર ઠેર સાન્ટાકલોઝની બોલબાલા : શાળાઓમાં પણ ઉજવણીનો દૌર


ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરમાં ઈશુ ખ્રિસ્તના જન્મનો તહેવાર 'નાતાલ' ભારે ઉલ્લાસપૂર્વક ઉજવાશે. નાતાલની ઉજવણી માટે શહેરના ચર્ચોને રોશનીથી શણગારવામાં આવ્યા છે અને ચર્ચોના સંકુલમાં મધર મેરીએ ઈશુખ્રિસ્તને ગમાણમાં જન્મ આપ્યો હતો તેના પ્રતિકાત્મક દશ્યો ખડા કરવામાં આવ્યા છે. નાતાલની આગળની રાત્રિએ ખ્રિસ્તી સમુદાય દ્વારા પ્રાથના કરવામાં આવશે અને મધ્યરાત્રિએ ઘંટારવ સાથે પ્રભુ ઈશુનું અવતરણ થશે. શહેરની શાળાઓમાં પણ નાતાલની ઉજવણી કરાઈ રહી છે.

વિશ્વને પ્રેમ અને શાંતિ સાથે ભાઈચારાનો સંદેશ પાઠવનારા ભગવાન ઈશુના જન્મના તહેવાર નાતાલની ગાંધીનગરના ખ્રિસ્તી સમુદાય દ્વારા પરંપરાગત રીતે ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર શહેરમાં ખ્રિસ્તી શ્રધ્ધાળુઓ દ્વારા તેમના ઘર પર રોશની કરવા સાથે ઘરમાં ક્રિસમસ ટ્રી સજાવવામાં આવ્યા છે. આ તહેવાર દરમિયાન ખ્રિસ્તી સમુદાય દ્વારા પ્રાર્થના અને ઈશુની વધામણીના ગીતો ગાવામાં આવશે તથા એકબીજાને 'મેરી ક્રિસમસ' થકી નાતાલની શુભેચ્છાઓ વ્યકત કરવામાં આવશે. શહેરના ચર્ચોમાં વિશેષ પ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે ચર્ચના સંકુલમાં ઈશુ જન્મના દશ્યો તથા ક્રિસમસ ટ્રી વગેરે ખડા કરવામાં આવ્યા છે. શહેરમાં સે-૨૧, ૨૩, ૮, ૩ અને ૨૯માં આવેલા ચર્ચોમાં નાતાલની ઉજવણીનું આયોજન કરાયું છે.

શહેરની શાળાઓમાં પણ નાતાલની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી રહી છે. બાળકો સાન્ટાકલોઝ પાસેથી ભેટ સોગાદો મેળવી આનંદિત થઈ રહ્યા છે. આ સાથે શહેરના બજારોમાં પણ નાતાલની ઉજવણીનો માહોલ જોવા મળે છે. અનેક શો રૂમ અને દુકાનોને નાતાલની થીમ પર સજાવવામાં આવ્યા છે તથા સાન્ટાકલોઝના પરિવેશમાં ગ્રાહકોને ગીફટ આપી આકર્ષિત કરવા પ્રયાસ કરાઈ રહ્યા છે. રીંગબેલ્સ, રિબન, ક્રિસમસ ટ્રી વગેરેના શણગાર સાથે ક્રિસમસના સોંગ્સ વગાડવામાં આવી રહ્યા છે. એકંદરે ગાંધીનગરમાં નાતાલનો તહેવાર હર્ષોલ્લાસથી ઉજવવામાં આવી રહ્યો છે.







ગાંધીનગરની સે-૨૮ની વસંતકુંવરબા કન્યા વિદ્યાલય ખાતે શનિવાર તા. ૨૩મી ડિસેમ્બરના રોજ વાર્ષિક રમતોત્સવ ૨૦૧૭ યોજાયો હતો. ૨૦ જેટલી વિવિધ સાંગિક રમતોમાં શાળાના ૨૫૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. શાળાના પી.ટી. ટીચર વિભાબહેન ચૌધરી તથા સમગ્ર સ્ટાફના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમને શાળાના આચાર્યા મૃદુલાબહેન ગોસ્વામીએ અભિનંદન આપ્યા હતા.

# ખોરજના દારૂ ભરેલા ગોડાઉન પ્રકરણમાં વધુ એક ગુનો દાખલ

ગાંધીનગર, તા.૨૪

ચૂંટણી પહેલા ગાંધીનગર-સરખેજ હાઈવે પર ખોરજ પાસે ભંગારના ગોડાઉનમાંથી સવા બે કરોડનો વિદેશી દારૂ-બિયરનો જથ્થો પકડાયો હતો. આ પ્રકરણમાં અડાલજ પોલિસે કરેલી તપાસમાં બહાર આવ્યું છે કે ગોડાઉનથી જે તે અડ્ડાઓ ઉપર દારૂ લઈ જવા (ખેપ મારવા) જે વાહનો વપરાતા હતા તેમાં ડુપ્લીકેટ નંબર પ્લેટ ફીટ કરવામાં આવતી હતી. ગોડાઉન પાસેથી પકડાયેલા તમામ વાહનોની પણ નંબર પ્લેટ ખોટી હતી. આ બાબતને ગંભીરતાથી લઈને અડાલજ પોલિસે આ સાત વાહનમાલિકો સામે ખોટી નંબર પ્લેટ લગાવવાનો વધુ એક ગુનો દાખલ કરી સાતેયની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

અડાલજ પી.આઈ. જે.જી. વાઘેલાએ શરુ કરેલી આ તપાસમાં બહાર આવ્યું છે કે ગોડાઉન પાસેથી પકડાયેલા તમામ વાહનોમાં ખોટી નંબર પ્લેટ લાગેલી હતી. દારૂનો ગોડાઉનમાંથી જે વાહનોમાં ભરીને ખેપ મારવામાં આવતી તે વાહનોની નંબર પ્લેટ બદલી નાંખતા બુટલગરો સામે વધુ એક ગુનો દાખલ કરવામાં આવ્યો છે. અડાલજ પી.આઈ. એ ખોરજ ગામના રોહીત રામદાસ યાદવ, સોલાના જીગ્નેશ ઉર્ફે જીગો મહેશ પટેલ, રખિયાલના દેવેન્દ્ર ઉર્ફે બંસી રાયફુલ પરીહાર, અમરાવાડીના સંતોષ નરેન્દ્ર ચૌહાણ, સોનુ રતનસિંહ ભદોરીયા, સીટીએમના વિશાલ મગન ચૌહાણ અને અમરાઈવાડીના કુલદીપ વિષ્ણુ ચૌહાણ મળી સાત આરોપીઓ સામે વાહનમાં ખોટી નંબર પ્લેટ લગાવી દારૂની ખેપ મારવા સંદર્ભે ગુનો દાખલ કરી ધરપકડ માટે દોડધામ શરુ કરી છે. તપાસનીશ અધિકારીના જણાવ્યા મુજબ હજુ બીજા ગુનાઓ પણ આ કેસમાં નોંધાવાની શકયતા છે.

# અડાલજ સર્કલ પાસે બાઈક સ્લીપ થઈ જતા યુવાનનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર નજીક અડાલજ સર્કલ પાસેથી શુક્રવારે સાંજે એક બાઈક ચાલક બેફામ ગતિએ જઈ રહ્યો હતો ત્યારે અચાનક બમ્પ આવી જતા બાઈક સાથે ઉછળીને યુવાન રોડ પર પટકાયો હતો. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા બાઈક ચાલક યુવાનને તાત્કાલીક સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવાયો હતો. જયાં ગઈ સાંજે સારવાર દરમિયાન તેનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. અડાલજ પોલિસે મૃતદેહ પી.એમ. કરાવી ઘટનાની તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદના નરોડા વિસ્તારમાં રહેતો ૩૦ વર્ષીય યુવાન રાજેશ વિષ્ણુભાઈ દંતાણી શુક્રવારે સાંજે સાડા સાત વાગ્યાના અરસામાં પોતાનું જીજે ૧ એલ.એચ. ૬૮૧૮ નંબરનું બાઈક લઈને અડાલજ રોડ તરફથી પસાર થઈ રહ્યો હતો. અડાલજ ચાર રસ્તા પાસે બમ્બ આવતા રાજેશ દંતાણીએ કાબુ ગુમાવી દીધો હતો અને બાઈક સાથે ઉછળીને રસ્તા પર જબરદસ્ત રીતે પટકાતા ગંભીર રીતે ઘાયલ થયો હતો. રાજેશ દંતાણીનો તાત્કાલીક હોસ્પિટલાઈઝડ કરવામાં આવ્યો. જો કે જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલા રાજેશનું ગઈ મોડી સાંજે હોસ્પિટલમાં જ સારવાર દરમિયાન કરૂણ મૃત્યુ નિપજયું હતું. અડાલજ પોલિસે મૃતકના ભાઈ વિનોદ દંતાણીની ફરિયાદને આધારે ગુનો દાખલ કરી ઘટનાની તપાસ હાથ ધરી છે.





સેકટર-૭ સૌરાષ્ટ્ર પટેલ વાડી ખાતે રેઈનબો ઈવેન્ટસ દ્વારા યોજવામાં આવેલ બે દિવસીય પ્રદર્શન તથા વેચાણનું આયોજન નિવૃત્તિ શિક્ષિકા વીણા વોરા તથા તેમના મિત્ર ખુશ્બુ વોરા દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ગૃહિણીઓએ બનાવેલી વસ્તુઓ જેવી કે ઈમિટેશન જવેલરી, પેઈન્ટિંસ, ખાદ્યપદાર્થો ઉપરાંત લેડીઝવેર, બોનસાઈ, સ્ટેશનરી, ગીફટ આર્ટિકલ્સ વગેરે મળી કુલ ૬૦ જેટલા સ્ટોલ રાખવામાં આવ્યા હતા. આ સિવાય નાતાલને અનુલક્ષીને સાંતાકલોઝે પણ બાળકોનું મનોરંજન કર્યું હતું. તેમજ નેઈલ પેઈન્ટ આર્ટ, ટેરોકાર્ડ વાંચન, મહેંદી તથા કેલિગ્રાફી વગેરે જેવી કળાનું લાઈવ ડેમો પણ આપવામાં આવ્યું હતું. જે એકિઝબીશનનો શહેરની ગૃહિણીઓએ ભરપૂર માત્રામાં લાભ લીધો હતો.

# બાળકોનું આર્થિક અને શારિરીક સ્વાસ્થ્ય સુધારતી 'વિદ્યા બચત બેંક'

## ગાંધીનગર તાલુકાના રામપુરા પ્રા. શાળાની પૂર્વ શિક્ષિકાઓ કુસુમબેન અને ભાવનાબેને બાળકોને સીંચેલી બચતની આદત વટવૃક્ષ બની છે : આજે બાળકોના બેંકમાં ૫૦થી વધુ ખાતા અને બચત રૂ. પાંચ લાખના આંકને વટાવી ગઈ છે : શિક્ષિકાઓના પ્રયાસથી ગ્રામજનોની જીવનશૈલીમાં પણ અનેક પરિવર્તન આવ્યા છે



સંબંધ સજાવે જિંદગી
સમીર રામી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર તાલુકામાં ટીંટોડા ગામ નજીક ખેતરોમાં છુટાં છવાયાં માંડ ત્રીસેક મકાનોમાં આશરે અઢીસોની વસ્તી ધરાવતું એક નાનકડું પરું છે જેનું નામ છે રામપુરા. આ રામપુરા ગામની બે ઓરડાની પ્રાથમિક શાળાના બાળકો માટે તેમની પોતાની બચત બેંક છે જેનું નામ છે 'વિદ્યા બચત બેંક'. આશરે દસેક વર્ષ પહેલા જયારે બેંકોમાં 'ઝીરો' બેલેન્સ એકાન્ઉટ ઓપન કરવાનો ટ્રેન્ડ નહોતો આવ્યો કે જનધન યોજના જેવી કોઈ સરકારી યોજના નહોતી જેમાં વિદ્યાર્થીઓના ફરજિયાત બેંક ખાતા ખુલે તેવા સમયમાં આ શાળાના બાળકોએ બચત ચાલુ કરી હતી અને ટીંટોડા ગામની એક બેંક શાખામાં આજે આશરે ૫૦થી વધુ બાળકોની આ બચત પાંચ લાખ રૂપિયાનો આંકડો વટાવી ગઈ છે. આ સિધ્ધિનો શ્રેય આ શાળાના પૂર્વ આચાર્યા કુસુમબેન પટેલ અને પૂર્વ શિક્ષિકા ભાવનાબેન પટેલને જાય છે. જેમણે આ 'વિદ્યા બચત બેંક'નો પ્રારંભ કરાવ્યો હતો.

મૂળ ઉનાવા ગામના અને પિતાની નોકરીના કારણે કચ્છમાં જન્મેલા કુસુમબેન પટેલ વર્ષ ૧૯૯૩માં તાલુકા વિભાજન પછી રામપુરા ખાતે મુખ્ય શિક્ષિકા તરીકે બદલી થઈ હતી ત્યારે રેલવે ટ્રેકની બાજુમાં સાંકડા શેઠે ચાલીને રામપુરા સુધી પહોંચવું પડતું હતું. રામપુરા ગામની શાળા ખેતરમાં બનાવેલા બે ઓરડાની હતી જેને કોઈ મેદાન કે કમ્પાઉન્ડ વોલ નહોતી અને બાળકો શાળાએ લઘરવગર પરિસ્થિતિમાં અનિયમિત રીતે આવતા હતા. કુસુમબેન સાથે સ્ટાફમાં અન્ય એક શિક્ષક હતા જેમની થોડા સમયમાં બદલી થતા તેમના સ્થાને વાવોલના રહેવાસી એવા શિક્ષિકા ભાવનાબેન પટેલની નિમણુંક થઈ. શાળાના ઝાંડી-ઝાંખરા વાળા કમ્પાઉન્ડને સાફ કરી તેમાં વૃક્ષો ઉછેરવાનું બીડું બંને બહેનોએ ઝડપ્યું પરંતુ દિવસે વાવેલા છોડ રાત્રે ગાયબ થઈ જતા હતા. છેવટે ગામના બધાને મળી સર્વે કર્યો અને ગામ લોકોને જોઈતા હોય તેવા વૃક્ષોનું લીસ્ટ બનાવી પહેલા તેમને છોડ પુરા પાડયા પછી જ શાળાના છોડ ગાયબ થતા બંધ થયા. શાળામાં પાણી પીવા માટેની વ્યવસ્થા નહોતી તો છોડને સીંચન કયાંથી કરવું? આવા સમયમાં તેમણે ગામની તલાવડી જેમાં ચોમાસા દરમિયાન પાણી રહેતું અને બાકીના સમયમાં ઢોરના હવાડામાંથી પોતાના ખર્ચે ભંગારમાંથી ખરીદેલા કેરબાઓમાં પાણી લાવીને વૃક્ષને સિંચન કરતા હતા. આ રીતે શાળાની આસપાસ વૃક્ષોનું નંદનવન ખડું કર્યું. રામપુરામાં એક જ કોમની ખેતીનો વ્યવસાય કરતી ગરીબ વસ્તી હતી. તેથી અસંખ્ય કુરિવાજો પ્રવર્તતા હતા જેમાં દિકરીને વધુ ભણાવવી નહી તથા તેના વહેલા લગ્ન કરી દેવા વગેરેનો સમાવેશ થતો હતો. બંને શિક્ષિકાઓ શાળામાં ચાલતા ધો-૧ થી ૬ ઉપરાંત વધુ અભ્યાસે નજીકના ટીંટોડા ગામે દિકરીઓ ભણવા જાય તે માટે તેમના મિત્રો સાથે મળીને રાત્રિ બેઠકો કરી ગ્રામજનોને સમજાવ્યા. આ જ રીતે ગ્રામજનોની મદદથી શાળાની ફરતે જમીન માપણી કરી પહેલા ફેન્સિંગ અને પછી પાકો કોટ પણ ચણાવી દીધો.





શાળાના બાળકોને જો ઘરેથી મા-બાપ એક-બે રૂપિયા વાપરવા ના આપે તો શાળાએ ના આવે તેવી ટેવ અને આ પૈસા તેઓ બિન આરોગ્યપ્રદ ચીજવસ્તુઓ ખાવામાં વાપરતા. બાળકોની આ ટેવ બંધ કરવા તેમણે શરૂઆતમાં શાળામાં માટીના ગલ્લાં મુકી બાળકોને તેમાં બચત કરવા પ્રેર્યા અને તેમના માટે પોતાના ખર્ચે શીંગ, ચણા, બિસ્કીટ, ખજૂર, કે સીઝન મુજબ ફળ તથા અન્ય આરોગ્યપ્રદ નાસ્તાની વ્યવસ્થા પણ કરી આપી. દરેક બાળકની એક-બે રૂપિયાની બચતની પણ ચોપડો બનાવી નોંધ રાખવામાં આવી અને વાલીઓને મળીને આ જમા થતા પૈસાની બચત બાળકોના જ ઉપયોગમાં આવશે તેવો વિશ્વાસ અપાવ્યો જેથી તેમણે પણ આ પ્રવૃત્તિને અટકાવી નહી. કયારેક તો બાળકોને ગુલાબજાંબુ, કાજુકતરી કે શિયાળામાં ગુંદરના લાડુ ખાવા મળતા જેથી તેમનું આરોગ્ય પણ સુધરવા લાગ્યું હતું. વળી, ચોપડામાં તેમના ખાતામાં જમા થતી રકમનો આંકડો પણ વધતો જોઈ ઉત્સાહ થતો અને જયારે કોઈ વાર અભ્યાસ માટે જરુરી ચીજવસ્તુ લાવવા વાલી પાસેથી પૈસા ના મળે ત્યારે બાળકો પોતાના ખાતામાંથી ઉપાડ પણ કરી શકતા હતા. બાળકોના આ ચોપડાનું નામ પાડવામાં આવ્યું હતું. 'વિદ્યા બચત બેંક'. વર્ષ ૨૦૦૭માં આ પ્રવૃત્તિનો પ્રારંભ કરાયો હતો અને વર્ષ ૨૦૦૮માં ગાંધીનગર ખાતેની એક બેંકમાં શાળાના બાળકોની શૈક્ષણિક વિઝિટ દરમિયાન બેંકના મેનેજર સમક્ષ બાળકોના બેંક એકાઉન્ટ ખોલવાનો પ્રસ્તાવ મુકયો જેનો સ્વીકાર થતા પહેલા જેમની બચત વધુ હતી તેવા આઠ બાળકોના ખાતા ખોલવામાં આવ્યા. થોડા સમય પછી આ બેંકની ટીંટોડામાં શાખા ખુલતા આ ખાતા ત્યાં ટ્રાન્સફર કરવા સાથે અન્ય બાળકોના ખાતા પણ ખોલવામાં આવ્યા અને નિયમિત રીતે બચત જમા કરાવવામાં આવતી હતી.

આ સમય દરમિયાન કુસુમબેન અને ભાવનાબેને મળીને બાળકોની રોજીંદી આદતો સુધારવા ઉપરાંત તેમને ગાંધીનગરમાંથી દાન દ્વારા વાર તહેવારે કપડાં સહિતની ચીજવસ્તુઓ મેળવી આપતા. બાળકોને બધા ફળો ખાવા મળી રહે તે માટે ગામના એક મોટા ખેડૂતને સમજાવી જેના જમીનના એક ટુકડામાં સીતાફળ, દાડમ, ચીકુ, જામફળ, મોસંબી, પપૈયા, આંબો જેવા વૃક્ષોનું વાવેતર કરાવ્યું અને તે પણ ફળો દરેક બાળકને રોકટોક વગર ખાવા દેવા તેવી શરત સાથે આજે આ ફળોનો બાળકો આનંદ લઈ રહ્યા છે જેથી તેમના સ્વાસ્થ્યમાં ઘણો સુધારો આવી ગયો છે. ગ્રામજનોની આર્થિક સંકડામણ દૂર કરવા ગુજરાત વિદ્યાપીઠના ગ્રામ મિત્રની મદદથી નાની નાની વાછરડીઓ અપાવી તેને મોટી ગાય કર્યા પછી વેચી આવક રળતા શીખવાડયું. હવે તો ગ્રામજનોને ગાય સાથે મમતા બંધાઈ જતા ભેંસ સાથે ગાયો પણ પાળવા લાગ્યા છે જેનું દૂધ બાળકોને મળી રહે છે. આ આવકમાંથી અનેક ગ્રામજનો તેમની ગીરવે મુકેલી જમીનો પણ છોડાવી શકયા છે. વર્ષ ૨૦૧૨માં કુસુમબેનને પ્રમોશન મળતા તેમની બદલી થઈ અને ભાવનાબેને નવા નિમાયેલા કલ્પનાબેનને પણ સમગ્ર પ્રવૃત્તિઓથી વાકેફ કરી તેમનો સહકાર મેળવવાનું ચાલુ કર્યું. વર્ષ ૨૦૧૫માં ભાવનાબેનની પણ બદલી થઈ પરંતુ 'તમને તકલીફ પડે તો મને કહેજો હું મદદ કરવા આવી જઈશ' તેવી આપેલી હૈયાધારણે નવા સ્ટાફે બચત બેંક હજુ ચાલુ જ રાખી છે અને સરેરાશ વિદ્યાર્થીઓની સંખ્યા જયાં ૨૫ થી ૩૦ રહે છે તેવી શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ મળીને ૫૦થી વધુ વિદ્યાર્થીઓના ખાતા હજુ ચાલુ જ છે. આ ખાતા ઉપરાંત તેમાંથી ફિકસ ડિપોઝીટસ પણ કરાવાય છે અને તમામમાં ખાતુ ઓપરેટ કરવાની સત્તા બાળકની માતાને જ આપવામાં આવી છે. જેની કુલ બચત પાંચ લાખથી પણ વધુ થવા પામી છે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## @ગાંધીનગર

● ઈન્દ્રપુરા ગામે ચાલતી સંજયભારતી બાપુની વ્યાસપીઠ દ્વારા શિવકથામાં જયોર્તિલીંગ પ્રાગટય અને સાંતાકલોઝ દ્વારા ગીફટ વિતરણ અને રાત્રે દિપ મહોત્સવ યોજાશે.

● ત્રિદલ સંસ્થાની ડિસેમ્બર માસિક બેઠક સાંજના ૪.૦૦ કલાકે પ્લોટ નં. ૭૯૦/એ, નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે, સે-૨૧, ગાંધીનગર ખાતે યોજાશે.

● સ્વામિનારાયણ મંદિર સે-૨૩ અમૃત મહોત્સવમાં આચાર્ય મહારાજશ્રી કૌશલેન્દ્ર પ્રસાદજી મહારાજનું આગમન અને આશીર્વાદ સભા અને સમાપન સંકલ્પ યોજાશે.

● શ્રી ગુરુગોવિંદ સાહેબની ૩૫૧મી જન્મજયંતિની ઉજવણી સવારે ૮.૩૦ થી ૧૦.૩૦ વાગે પ્લોટ નં. ૨૫૧ ગુરુદ્વારા ખાતે કરાશે.

● વૈજનાથ મહિલા મંડળ દ્વારા આનંદનો ગરબો બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન રેખાબેન સુખડીયા પ્લોટ નં. ૫૬૭ વાસ્તુનિર્માણ સોસાયટી, સે-૨૨ ખાતે યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળ દ્વારા લઘુરુદ્ર મધુસુદનભાઈ પંડયા પ્લોટ નં. ૧૧૯૭ શિવમ સોસાયટી, સે-૨૭ ખાતે સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન યોજાશે.

● મોટા બાવન કડવા પાટીદાર સમાજ પ્રગતિ મંડળ ગાંધીનગરનો સ્નેહમિલન અને ઈનામ વિતરણ કાર્યક્રમ ઉમા ભવન સે-૧૨ ખાતે ૨.૩૦ થી ૭ કલાક દરમિયાન યોજાશે.

● માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો શ્રી ખોડિયાર મંદિર સિવિલ હોસ્પિટલ, સે-૧૨ ખાતે યોજાશે.

## વાતવાતમાં

સચિવાલય ખાતે મંગળવારે યોજાનાર નવી સરકારની શપથવિધિ સમારોહની તડામાર તૈયારીઓ હાથ ધરાઈ છે. આ શપથવિધિમાં ૨૦૦થી વધુ સંતો સાથે ભાજપ શાસિત રાજયોના મુખ્યમંત્રીઓ જેવા મહેમાનો આવવાના હોઈ વિશષ વ્યવસ્થા સાથેની તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

## સંસ્કાર ગૃપ દ્વારા ક્રિસમસની અનોખી ઉજવણી

ગાંધીનગર, તા.૨૪

ઈસુ ભગવાનના શરીર પર મારેલા અસંખ્ય ખીલા વાગવાની જે વેદનાને ઈસુ ભગવાને સહન કરી અને ખીલા મારનારને માફ કરેલ છે. નાતાલ પર્વના દિવસે ક્રિસમસ ટ્રીમાં પૂજન, સુશોભન, શણગાર કરવામાં આવે છે. એજ ઉત્સાહથી સંસ્કાર ગૃપના સભ્યો દ્વારા દેવરૂપી વૃક્ષો ઉપર લગાવેલ ખીલા કાઢવાનું કાર્ય નેચર કલબ ગાંધીનગરની સહાયથી કરવામાં આવશે. વૃક્ષની પીડા દૂર કરવાના પ્રયત્ન સાથે મલમ રૂપી પાટો અને છાણ લગાવી ખીલાના ઘાને પૂરવાનો પ્રયત્ન પણ બાળકો દ્વારા કરવામાં આવશે.

## ચિરવિદાય

- સ્વ. પુરૂષોત્તમદાસ કચરદાસ પટેલ, ઉ.વ. ૮૨
- સ્વ. મનીષકુમાર હરીહર શુકલ, ઉ.વ. ૪૮
- સ્વ. શારદાબેન વસંતલાલ ગુપ્તા, ઉ.વ. ૯૦